બાંધકામવાળી તમામ સુવિધાઓ વિગેરે તમામ બાબતોની સઘન તપાસણી તમો લખાવી લેનારાએ પોતે જાતે કરી કરાવી જોઇ તપાસી સમજી લીધેલ હોઇ અને તે રીતેની તમામ બાબતો અંગે તમો લખાવી લેનારાને સંપુર્ણ સંતોષ થયેલો હોઇ તેમજ હવે ભવિષ્યમાં તે અંગે ક્યારે પણ તમો લખાવી લેનારાએ વાંધો, તકરાર, ફરીયાદ કે કોઇ કોર્ટ કાર્યવાહી કરવા કરાવવાની નથી તેમ તમો લખાવી લેનારાએ સ્વીકારેલ હોઇ અમો લખી આપનારાએ તમો લખાવી લેનારાને અગાઉ કરી આપેલ બુકીંગ તથા રજીસ્ટર્ડબાનાખતની શરતો તથા સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન રેવન્યુ સર્વે નંબર - ૩૯૨/૧ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ આશરે હે.આરે. ૨-૦૨-૩૪ ચો.મી. યાને કે ૨૦૨૩૪ ચો.મી. જેનો ખાતા નં. ૧૦૬૭ તથા તેનો આકાર ૧૧.૭૫ પૈસા વાળી જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતાં તેનો ટી.પી. સ્કીમ નં. ૬૯ (ચાંદખેડા - ત્રાગડ - ઝુંડાલ) ના ફાળવવામાં આવેલ બે જુદા-જુદા ફાઇનલ પ્લોટ પૈકી ફાઇનલ પ્લોટ નં. ૧૭૧/ ૨ ની આશરે ૬૫૩૬ ચો.મી. યાને ૭૮૧૭ ચો.વાર વાળી બિનખેતીની જમીન ઉપર **આનંદ સ્કાયલાઇફ** એ નામની ભાગીદારી પેઢી દ્વારા વાણિજ્ય તથા રહેણાંક હેતુ માટે મંજુર કરાવેલ પ્લાન મુજબ ફ્લેટો તથા દુકાનોની સ્કીમ બાંધવામાં આવેલ છે. જે સ્કીમ **''ANAND SKYLYF''** એ નામથી ઓળખાય છે. તે સ્કીમની અંદર બ્લોક નં. **...........** ના **...........** ફ્લોર ઉપર બાંધવામાં આવનાર / આવેલ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ/દુકાન નં. **...........** ની આશરે - **...........** સ.ચો.મીટર (વોશ, પેરીફેરી દિવાલ સિવાયનો) વોશ એરીયાના **...........** સ.ચો.મીટર કારપેટ એરીયાના બાંધકામ સહિતની (**...........** સ.ચો.મીટર બિલ્ટઅપ એરીયા) તથા સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટના વરાડે પડતી વગર વહેંચાયેલ જેની કકડાવાર વહેંચણી ક્યારેય અલગથી થઇ ન શકે તેવી મળવાપાત્ર **...........** સ.ચો.મીટર જમીન સહિતનો બાંધકામવાળી મીલકત જે તે સ્થિતીવાળી મીલકત કે જેનુ સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે તે તથા સદર પરીયોજનામાં વાહનો સહીત જવા આવવા માટેના તથા ચાલ નિકાલના અમો એકતરફવાળી, પેઢીના હર હંમેશના હદ માલીકી હક્કો સહીતની જમીન પૈકી વરાડે મળવા પાત્ર વગર વહેંચાયેલ જમીન સહીતની બાંધકામવાળી મીલકતના ઉચ્ચક કુલ્લે રૂા. ..../- અંકે રૂપિયા .... પુરા ચુકતે અવેજના તમો બીજીતરફવાળા પાસેથી અમો એકતરફવાળી, પેઢીએ નીચે જણાવેલ વિગતેથી લઇને સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટની બાંધકામવાળી વરાડે પડતી જમીન સહીતની મીલકત અમો લખી આપનારાએ તમો લખાવી લેનારાને કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ આપેલ છે. તેમજ સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ

વાળી મીલકતનો ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારો તમો લખાવી લેનારાને આજરોજ સ્થળ ઉપર સોંપેલો છે. જેથી તમો લખાવી લેનારાએ તમારા જાણકાર અનુભવી તથા નિષ્ણાત એન્જીનીયર મારફતે સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટના બાંધકામનું ક્ષેત્રફળ, માપ, સાઈઝ વિગેરેની સંપુર્ણ ચકાસણી કરી કરાવી સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ વાળી મીલકતનો આજરોજ સ્થળ ઉપર ખાલી અને પ્રત્યક્ષ કબજો સ્વીકારી સંભાળી લીધેલો છે. હવેથી સદરહુ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ વાળી મીલકતના કબજા કે બાંધકામ બાબતે અગર સદર સ્કીમનો કોમન સુવિધાઓ બાબતે તમો લખાવી લેનારા કે તમારા વારસદારો અમો લખી આપનાર પેઢી કે અમારી પેઢીના ભાગીદારો કે દરેકના વારસદારો સામે ભવિષ્યમાં કોઈ કોર્ટ કાર્યવવાહી કે તરાર કરવી કરાવવાની રહેશે નહી કે તમો લખાવી લેનારાએ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી કરાવવાની રહેશે નહી અને તેમ છતાં જો તમો લખાવી લેનારા તેવી કોઈ કાર્યવાહી કરશો કરાવશો તો તે આથી રદ્દ બાતલ ગણાશે અને તેના કારણે અમો લખી આપનાર, પેઢીને થતા તમામ ખર્ચ, નુકશાન, અવેજ સહીત ભરપાઈ કરી આપવાની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારા કે તમારા વારસદારોની રહેશે. જેની આથી તમો લખાવી લેનારાએ સદર વેચાણ દસ્તાવેજમાં સહીમત્તા કરી કબુલાત કરી અમો લખી આપનારાને ખાત્રી અને બાંહેધરી આપેલ છે.

-: વેચાણ અવેજ મળ્યાની વિગત :-

રૂા. ..../-	અંકે રૂપિયા .... પુરાનો અમો લખી આપનાર **"આનંદ ઈનોવેટીવ"** એ નામની ભાગીદારી પેઢીને તમો લખાવી લેનાર પાસેથી .... બેંક, ... શાખા, અમદાવાદના ચેક નંબર : .... થી તા. .... ના રોજથી મળેલ છે તે.
રૂા. ..../-	**અંકે રૂપિયા .... પુરા**

એ રીતેના અવેજના નાણાં તમો વેચાણ લેનાર - બીજી તરફવાળાએ અમો વેચાણ આપનાર - એકતરફવાળાને ચુકવ્યા છે. તે અમો વેચાણ આપનાર - એકતરફવાળાને પહોચ્યા છે. જેની પહોંચ અમો વેચાણ આપનાર - એકતરફવાળા કબુલ કરીએ છીએ અને તેના અવેજમાં સદરહુ

મીલકત જે નીચે પરિશિષ્ટમાં વિગતવાર વર્ણવેલી છે તે મીલકત ઇઝમેન્ટથી પ્રાપ્ત થયેલા હક્કો તથા સદરહુ મીલકતમાંના તથા તેને સંલગ્ન દરેક પ્રકારના હક્ક, હિસ્સો, અલાખા, ઉપયોગ ઈત્યાદી સહિત અમો વેચાણ આપનાર - એકતરફવાળાએ તમો વેચાણ લેનાર - બીજીતરફવાળાને વેચાણ આપેલી છે. આજ રોજ નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકતનો પરોક્ષ કબજો બીજીતરફવાળાને સોંપેલો છે અને વગર વહેંચાયેલી જમીનનો પણ પરોક્ષ કબજો સોંપેલો છે. આ પરિયોજનામાં બાંધવામાં આવેલ બ્લોકો સહીતના બિલ્ડીંગના તમામ ફ્લેટો યાને એપાર્ટમેન્ટ તથા દુકાનોના માલીકોની સંયુક્ત અને સહિયારી માલીકી અને કબજા, ભોગવટાની મીલકત ગણાશે. બાંધકામ પુરૂ થયેથી અને બી.યુ. પરમીશન મળ્યેથી સદર મીલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનાર - બીજીતરફવાળાને સોંપવામાં આવશે અને વેચાણ લેનાર - બીજીતરફવાળા તે મેળવવા માટે હક્કદાર બનશે.

(૪૮) હવે વેચાણ આપનાર તમો વેચાણ લેનારાને આ વેચાણ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે સદરહુ બાંધકામ વાળી મીલકતના અસલ હદ હક્કો અને ચાલ નિકાલના હક્ક હીત સંબંધ સહીતની તથા બુકીંગ અને બાનાખતમાં જણાવેલ શરતોને આધીન સદર મીલકત આ વેચાણ દસ્તાવેજથી તમો વેચાણ લેનારાને કુલ અભરામ ન દાવો અઘાટ વેચાણ આપેલ છે. હવેથી સદર મીલકતના તમો વેચાણ લેનારા કુલ સ્વતંત્ર માલીક મુખત્યાર અને કબજેદાર થયા છો. હવે તમો વેચાણ લેનારા સદર મીલકતનો કબજો મળ્યા બાદ ચાંદો સુરજ તપે ત્યાં સુધી સુખેથી ભોગવો, વસો, વસાવો, વેચો, સાટો, ગીરો આપો યા ભાડે આપો યા કાયદા અનુસાર મંજુર થયેલ પ્લાન પ્રમાણે તથા બીનખેતીની પરવાનગી શરતોને આધીન તમો લખાવી લેનારા જાતે અગર તમારા વારસદારો ફક્ત રહેણાંક/ વાણિજય હેતુ માટેનો જ ઉપયોગ, ઉપભોગ કરો કરાવો યા તમારૂ દીલ ચાહે તેમ ઉપયોગ કરવા તમો લખાવી લેનારા એકલા કુલ સ્વતંત્ર માલીક મુખત્યાર અને હક્કદાર છો.

અમો વેચાણ આપનાર - એકતરફવાળાએ સદર મીલકત તમો વેચાણ લેનારને આ વેચાણ દસેતાવેજથી સ્વતંત્ર માલિકી હક્કે વેચાણ કરેલ છે અને અમો વેચાણ આપનાર - એકતરફવાળાએ સદર મીલકત ગીરોમાં કે જામીનમાં મુકેલ નથી તેમજ સદરહુ મીલકત તમામ પ્રકારના બોજાઓથી મુક્ત છે.

સદરહુ સમગ્ર યોજનામાં ની RERAઓથોરીટી સમક્ષ પુરી પાડેલી માહિતી અનુસારની કોમન એમેનીટીઝ તથા સ્પેશીફીકેશન રાખવામાં આવેલ છે. જે કોમન એમેનીટીઝ તથા સ્પેશીફીકેશનનો તમામ સભાસદોએ સર્વિસ સોસાયટીના નિતી નિયમોનુસાર તેમજ સર્વિસ સોસાયટીના નિયમોને આધિન સહિયારામાં ઉપયોગ/ ઉપભોગ

કરવાનો રહેશે. તેમજ તેવી કોમન એમેનીટીઝના કોમન મેઈન્ટેનન્સ માટે સર્વિસ સોસાયટીના વખતો વખત જે વ્યવસ્થા નક્કી કરવામાં આવે તે તમામ સભાસદોએ સહિયારામાં કરવાના રહેશે.

આ લેખની કોઈપણ શરત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ - ૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની કોઈપણ જોગવાઈને પ્રતિકૂળ રીતે અસર કરતી હશે તો તેવી તમામ શરતો રદ્દ યાને કેન્સલ ગણી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ - ૨૦૧૬ તથા અન્ય લાગુ પડતા કાયદાની જોગવાઈ અનુસાર તે શરત ગણવાની રહેશએ અને બાકીની શરતો આ લેખમાં દર્શાવ્યા મુજબ માન્ય ગણવાની રહેશે.

આ કરારની કોઈપણ જોગવાઈ, ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ કરારના હેતુ સાથે અસંગ હોય એટલા પૂરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૪૯) અમો લખી આપનારા, પ્રમોટર તથા તમો લખાવી લેનારા, એલોટીએ ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ ના કાયદા તથા તેની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ સદર કાયદા કે જોગવાઈઓ વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું કૃત્ય આપણે બંન્ને તરફવાળાએ કરવું કરાવવાનું રહેશે નહી. જે આપણે બંન્ને તરફવાળા આથી સદર વેચાણ દસ્તાવેજમાં સહીમતા કરી કબુલ કરીએ છીએ.

(૫૦) અમો વેચાણ આપનારા તમો વેચાણ લેનારાને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે અમો વેચાણ આપનારાઓ સદર વગર વહેંચાયેલ જમીન તથા તે ઉપર મંજુર કરાવેલ પ્લાનને આધારે મળવાપાત્ર કરવામાં આવેલ બાંધકામને કોઈપણ રીતે અસર કરે તેવા કોઈપણ પ્રકારના હાનીકર્તા કૃત્યો કર્યા નથી. સદર વરાડે પડતી જમીન તથા તે ઉપર આવેલ બાંધકામવાળી મીલકત અમો વેચાણ આપનારાઓ તમો લખાવી લેનાર સિવાય બીજા

કોઈને કોઈપણ પ્રકારનું વેચાણ, ગીરો, બક્ષીસ યા બોજાથી લખી આપેલ નથી. સદર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક હીસ્સો કે ખોરાકી રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હક્ક દર દાવો અલાખો નથી અને સદર જમીન ચોખ્ખી અને ''ના'' કરજી છે.

(૫૧) તમો લખાવી લેનારાએ સદર ''**ANAND SKYLYF**'' એ નામથી ઓળખાતી યોજનાના અન્ય તમામ ફ્લેટ યાને એપાર્ટમેન્ટના માલીકોના લાભાર્થે તેમજ વિશાળ હિતાર્થે સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરી વર્તન કરવાનું સ્વીકારેલ હોઈ સદર શરતોને આધીન અમો લખી આપનારાએ તમો લખાવી લેનારાને સદર મીલકત વેચાણ આપેલ છે.

(૫૨) સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટવાળી મીલકત સિવાય સદર સમગ્ર સ્કીમની અન્ય કોઈપણ મિલકત ઉપર તમો લખાવી લેનારાનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો, રાઈટ, ટાઈટલ ઈન્ટરેસ્ટ કે ક્લેઈમ રહેશે નહી તેમજ સદરુહં યોજનાના અન્ય ફ્લેટો યાને એપાર્ટમેન્ટો નો સદરહું વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલી શરતો તથા કિંમતોથી જુદા પ્રકારની અલગ અલગ શરતો તથા કિંમતો પ્રમાણે અમો લખી આપનારાને યોગ્ય લાગે તે રીતે બુકીંગ કરાવી અગર અન્ય રીતે વેચાણ આપવા હક્કદાર છીએ અને રહીશું. તે સામે તમો લખાવી લેનારાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી કે ભવિષ્યમાં તમો લખાવી લેનારા કે તમારા વારસદારોએ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવાની કે કરવાની નથી. જેની આથી તમો લખાવી લેનારા સદર વેચાણ દસ્તાવેજમાં સહીમત્તા કરી કબુલ કરો છો.

(૫૩) સદર પરિયોજનાની સમગ્ર જમીન તથા અન્ય તમામ સહીયારી સુવિધાઓની ભવિષ્યમાં ક્યારે પણ અલગ અલગ વહેંચણી કરી કરાવી શકાશે નહી પરંતુ તેની તમામ સહીયારી સુવિધાઓમાં યોજનાના તમો લખાવી લેનારા સહીતના તમામ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ / દુકાનના માલીકોના સહીયારા વપરાશી હક્કો રહેશે.

(૫૪) સદર ''**ANAND SKYLYF**'' એ નામથી ઓળખાતી ફ્લેટો યાને એપાર્ટમેન્ટોની યોજનામાં આવેલ સુવિધાઓ જેવી કે કોમન પેસેજ, હોલોપ્લીન્થમાં આવેલ જગ્યા, કોમન પ્લોટ, કોમન ગાર્ડન, ગ્રેનાઈટ પત્થરના રોડ-રસ્તા, બાગ-બગીચા, ચિલ્ડ્રન પ્લે એરીયા, જીમ, હૉલ, ડે-કેર સેન્ટર, સ્કેટીંગ ઝોન, આઉટડોર-ઈન્ડોર ગેઈમ્સ, સીડી, લીફ્ટ, મેઈન ગેટ, સીક્યોરીટી કેબીન, સી.સી.ટી.વી. કેમેરા, સીટીંગ એરીયા, પાણીના બે જુદા જુદા બોર,

અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકી, કોમન સ્ટ્રીટ લાઇટ, પેવર બ્લોક સાથેના આર.સી.સી. રોડ સહીતની જે ખુલ્લી તથા બાંધકામવાળી કોમન સુવિધાઓ આવેલી છે તેવી ખુલ્લી તથા બાંધકામવાળી તમામ સુવિધાઓનો કોમન ઉપયોગ તમો લખાવી લેનારા તથા સદર સ્કીમના અન્ય ફ્લેટ યાને એપાર્ટમેન્ટોના માલીકોનો છે નહી અને રહેશે નહી. તેમજ તે અંગે તમો લખાવી લેનારા કે સદર સ્કીમના અન્ય ફ્લેટોના માલીકોએ હાલમાં કે ભવિષ્યમાં કોઇ તકરાર કે હકક હિસ્સો કરવો કરાવવાનો નથી અને તેમ છતાં જો તમો લખાવી લેનારા કે સદર સ્કીમના અન્ય ફ્લેટો યાને એપાર્ટમેન્ટોના માલીકો તેવી કોઇ તકરાર કરો કરાવો તે આથી રદબાતલ ગણાશે. તેવુ તમો લખાવી લેનારા આથી સદર વેચાણ દસ્તાવેજમાં સહીમત્તા કરી કબુલ કરો છો.

સદરહુ ''ANAND SKYLYF'' એ નામથી ઓળખાતી પરીયોજનામાં આવેલ ખુલ્લી જમીન તથા કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ તથા કોમન પાર્કિંગ પ્લેસ, સીડી, પાણઈની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ ટાંકીઓ, પાણીની પાઈપ લાઈન, લીફ્ટ, ગટર લાઈન, સુએઝ લાઈન, તથા ઈલેક્ટ્રીક્ટ લાઈન તથા ટેલીફોન લાઈન વિગેરે સદરહુ મીલકતમાં લાવવા લઈ જવાની કોમન વ્યવસ્થા કોમન લાઈટો માર્જિનલ જમીન વિગેરે તમામ સુવિધાઓ સહીયારી રીતે વાપરવાનો હક્ક, સુખાઅધિકાર તથા બાંધકામનાં કોમન સ્લેબો અને ઉભા કોમન પીલર્સ, સ્કીમના પાયાનું બાંધકામ તથા સ્કિમની અન્ય સહ વપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલો વાડે પડતો હક્ક અન્ય મિલકત ધારકો સાથે સહિયારામાં ઉપયોગ કરવાનો વપરાશી હક્ક તમો વેચાણ લેનારને આપેલો છે.

(૫૫) સદરહુ સ્કીમની સમગ્ર બીલ્ડીંગમાં, મીલકતના એલીવેશનમાં કે સ્ટ્રક્ચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ભવિષ્યમાં ક્યારેય પણ કરવા તમો લખાવી લેનારા હક્કદાર નથી. તેમ છતાં તમો લખાવી લેનારાએ કરેલ તેવા કોઇ કૃત્યોને આધારે સદર યોજનાના અન્ય મીલકતના માલીકોને કોઈપણ પ્રકારનું નુકશાન, ખર્ચ, જાનહાની થાય અગર બિલ્ડીંગની સ્ટેબિલીટીને નુકશાન થાય તો તે અંગેની તમામ ખર્ચ સહીતની સઘળી અને સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારાની રહેશે.

(૫૬) સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ / દુકાનવાળી મીલકત સિવાયની સદર સ્કીમની અન્ય કોમન સહીયારી સુવિધાઓનો તમો લખાવી લેનારાએ તથા સદર સ્કીમના અન્ય ફ્લેટો યાને એપાર્ટમેન્ટોના માલીકોને અડચણ, અંતરાય, અવરોધ ન થાય તે રીતે ઉપયોગ કરવો કરાવવાનો રહેશે. તેમજ તેવી કોમન અને સહીયારી સુવિધાઓ તથા તેમાની ખુલ્લી જગ્યામાં

તમો લખાવી લેનારા કે સદર સ્કીમના અન્ય ફ્લેટોના માલીકો કોઈપણ પ્રકારનું કાચુ કે પાકુ બાંધકામ અગર શેડ કરી અગર અન્ય ચીજ વસ્તુઓ મુકી દબાણ કરવુ કરાવવાનું નથી. જે આથી તમો લખાવી લેનારા કબુલ કરો છો.

(૫૭) સદરહુ પરિયોજનામાં તમો લખાવી લેનારાએ બુકીંગ કરાવેલ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ સિવાયના અન્ય ફ્લેટ યાને એપાર્ટમેન્ટ ધારકોને ન્યુસન્સ થાય તેવુ કોઈપણ કૃત્ય તમો લખાવી લેનારાએ કરવુ કરાવવાનું નથી. તેમજ કાયદા વિરૂધ્ધની વસ્તુઓ, દાહક વસ્તુઓ, જલ્દીથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો, જલદ પદાર્થો, ગંધ મારે અગર તંદુરસ્તીને નુકશાન કરે તેવા પદાર્થો, પ્રતિબંધિત ચીજ વસ્તુઓ સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટની બહાર રાખવા - રખાવવાની નથી તેમજ તમો લખાવી લેનારાને ફાળવેલ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ વાળી મીલકતમાં તમો લખાવી લેનારા કે તમારા થકી અન્ય વ્યક્તિઓએ અસામાજીક પ્રવૃત્તિ કરવાની કે કરાવવાની નથી કે કાયદા વિરૂધ્ધનું કોઈપણ કૃત્ય કરવુ કરાવવાનું નથી. તેમ છતાં તેમ કરવામાં જો તમો લખાવી લેનારા તેવી કાર્યવાહી કરો કરાવો તો તેથી કરીને ઉપસ્થિત થતી કાયદાકીય તમામ ખર્ચ નુકશાન સહીતની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારાની અંગત રહેશે.

(૫૮) સદર પરિયોજનાના તમામ ફ્લેટો યાને એપાર્ટમેન્ટો ના માલીકો જે તેના ફ્લેટ યાને એપાર્ટમેન્ટ નો ઉપયોગ ફક્ત રહેણાંક હેતુ માટે જ કરવાનો રહેશે અને તે સિવાય વાણિજ્ય કે ધંધાકીય હેતુ માટે કોઈપણ સંજોગોમાં સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટનો ઉપયોગ કરવો કરાવવાનો નથી.

સદરહુ ''ANAND SKYLYF'' એ નામની પરિયોજનાની તમામ ફ્લેટો ખરીદનાર અંગે ભવિષ્યમાં જો અને જ્યારે અન્ય એસોસીએશન કે સોસાયટી કે કંપની કે બોડી રચવામાં આવે ત્યારે તેના સભ્ય થવાનું તમો વેચાણ લેનાર માટે ફરજિયાત રહેશે તેમજ એસોસીએશન તરફથી કોમન ખર્ચ અંગે જે માસિક, વાર્ષિક કે અન્ય મુદત અંગે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રીબ્યુશન ની રકમ તેમજ સદરહું મીલકતના વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટેની જે રકમ નક્કી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. જો તે નયમિત ચુકવવામાં તે ચૂક કરશે કે વિલંબ કરશે તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશે અને આવુ એસોસીએશન વિગેરે તેમને પાણી, લીફ્ટ, પાર્કિંગ વિગેરે વાપરતા અટકાવી શકશે અને ત્યારે તે સામે વેચાણ લેનારે કોઈજ વાંધો લઈ શકશે નહિ સદર યોજનાની કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ તથા કોમન

એરીયા ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે એસોસીએશન ના નામે ટ્રાન્સફર કરવાની જરૂરીયાત જણાય તો વેચાણ આપનારે તેવી કોમન એમીનીટીઝ, સર્વિસ સોસાયટી / એસોસીએશન ના નામે ટ્રાન્સફર કરી આપવા સારૂ જરૂરી સહીઓ વિગેરે કરી આપવાના રહેશે.

(૫૯) સદર ફલેટ યાને એપાર્ટમેન્ટવાળી મીલકત અંગે જી.એસ.પી.સી. ગેસ કનેક્શન ટ્રાન્સફર કરાવવા અંગેનો ખર્ચ, ઝુંડાલ સરકારી કચેરીના રેકર્ડમાં સદર મીલકતના વરાડે પડતી વગર વહેંચાયેલ જમીનની નોંધ પડાવવા અંગેનો ખર્ચ તથા સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, કોમન વહીવટી ખર્ચ, જી.એસ.ટી. ટેક્ષની રકમ વિગેરે તમામ તમો લખાવી લેનારાઓ ભોગવવાની રહેશે.

(૬૦) સદરહું ''**ANAND SKYLYF**'' એ નામની પરિયોજનાની તમામ સહીયારી ખુલ્લી કોમન જમીન તથા સગવડોના નિભાવ તથા મેઈન્ટેનન્સ અંગે સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવેલ છે જે ''આનંદસ્કાયલાઈફ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.'' એ નામથી રજીસ્ટર્ડ થયેલ છે. જેનો રજીસ્ટર્ડ નં. .... તા. .... ના રોજથી રજીસ્ટર્ડ થયેલ છે. સદરહું રજીસ્ટર્ડ થયેલ સોસાયટીના સંચાલન માટે વ્યવસ્થાપક કમિટીની રચના કરવામાં આવેલ છે. જેથી તમો લખાવી લેનારાએ તથા સદર યોજનાના અન્ય તમામ માલીકોએ સદરહુ સોસાયટીમાં ફરજીયાત સભાસદ તરીકે દાખલ થવાનું રહેશે. જે આ વેચાણ દસ્તાવેજની મહત્વની શરત છે. તેમજ સદર સર્વિસ સોસાયટીના કાયદા, પેટા કાયદા, નિયમો અને પેટા નિયમો તથા હાલના તથા ભવિષ્યમાં થનાર વખતો વખતના ઠરાવો તથા સદર સર્વિસ સોસાયટી દ્વારા જે કોઈપણ લખાણો કે કરારો કર્યા હોય અગર ભવિષ્યમાં કરે કરાવે તો તેનુ તમો લખાવી લેનારાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬૧) અમો લખી આપનારાએ સદર ફલેટ યાને એપાર્ટમેન્ટનો વેચાણ દસ્તાવેજ આજરોજ તમો લખાવી લેનારાને કરી આપેલ હોઈ આજથી સદર ફલેટ યાને એપાર્ટમેન્ટ અંગેના લાગુ પડતા તમામ પ્રકારના કોર્પોરેશન ટેક્ષ, જમીન મહેસુલ, વિગેર જેવા ટેક્ષ, વેરાઓ, ઈલેક્ટ્રીક બીલ, વરાડે પડતી વિશેષધારાની રકમ વિગેરે તમામ તમો લખાવી લેનારાએ ભરવાના રહેશે.

(૬૨) સદરહું યોજનાની તમામ કોમન સહીયારી સુવિધાઓની માલિકી સદર સ્કીમમાં રચના કરવામાં આવેલ સર્વિસ સોસાયટીની રહેશે અને યોજનાના તમામ માલીકોએ તેવી સર્વિસ

સોસાયટીના સભાસદ તરીકે વખતો વખતના કાયદા પેટાકાયદા, નીતીનિયમો, ઠરાવો, નિર્ણયો, ધારાધોરણોને આધીન રહીને તેવી સુવિધાઓનો વપરાશ કરવા હક્કદાર રહેશે. જે તમો લખાવી લેનારાને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(૬૩) તમો લખાવી લેનારા તથા તમામ ફલેટ યાને એપાર્ટમેન્ટના માલીકોએ પરસ્પર સહકારથી શાંતીપ્રીય રીતે વર્તવાનું રહેશે અને તેમ કરવામાં જો કોઇ કસુર થશે તો સર્વિસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે કાર્યવાહી કરવા હક્કદાર રહેશે.

(૬૪) તમો લખાવી લેનારા તથા તમામ ફલેટ યાને એપાર્ટમેન્ટના માલીકોએ સદરહું યોજનાની સહીયારી સુવિધાઓના હાલના તથા વખતો વખતના મેઇન્ટેનન્સ વિગેરેના કોઇપણ કાર્યમાં વાંધો, અડચણ કે અંતરાય ઉભા કરવા કરાવવાના નથી. તેમજ સદરહું યોજનાના સામાન્ય વહીવટમાં તમામ ફલેટ યાને એપાર્ટમેન્ટ માલીકોનું વિશાળહિત સમાયેલુ હોઇ તેવા તમામ કાર્યોમાં તમો લખાવી લેનારાએ હંમેશા સાથ સહકાર આપવાનો છે અને રહેશે.

(૬૫) તમો લખાવી લેનારા તથા સદર ''**ANAND SKYLYF**'' એ નામથી ઓળખાતી પરિયોજનામાં આવેલ બ્લોકોમાં આવેલ ફલેટોની ઉપર આવેલ ઓપન ટેરેસની ખુલ્લી જગ્યાનો આજીવન અને કાયમ માટે કોમન ઉપયોગ ઉપભોગ કરવા હક્કદાર રહેશો. પરંતુ તેવી ટેરેસની ખુલ્લી જગ્યામાં કોઇપણ જાતનું દબાણ કે કાચુ કે પાકુ બાંધકામ કોઇએ કરવુ કરાવવાનું નથી. તેમજ જુદાં - જુદાં બ્લોકોમાં પેઈન્ટ હાઉસના આગળના ભાગમાં આવેલી ખુલ્લી જગ્યામાં ફક્ત પેઈન્ટ હાઉસ ધારકોની માલિકી અને કાયમી વપરાશી હક્ક રહેશે જેમાં કોઈપણ પ્રકારનું કાચું પાકું બાંધકામ કરી શકાશે નહીં.

(૬૬) સદર ''**ANAND SKYLYF**'' એ નામની પરિયોજનાના કોમન મેઇન્ટેનન્સ અંગે જે કંઇ નોન રીફન્ડેબલ આગોતરા મેઇન્ટેનન્સ ચાર્જીસ કે ફાળો ભવિષ્યમાં નક્કી કરવામાં આવે તે તમો લખાવી લેનારાએ સદર સર્વિસ સોસાયટીમાં ફરજીયાત પણે અલગથી જમા કરાવવાનો રહેશે. તેમજ સદરહું યોજનાની હાલની તથા ભવિષ્યની તમામ સહિયારી સુવિધાઓ નક્કી કરેલ છે. તેના મરામત, રીપેરીંગ, રીપ્લેસમેન્ટ, રીકન્સ્ટ્રક્શન, મોડીફીકેશન, એડિશન, ઓલ્ટરેશન, રંગરોગાન, સફાઇ ખર્ચ, વિજળી બિલ, પગાર ખર્ચ, સીક્યુરીટી અંગે તથા આનુસાંગીક તમામ ખર્ચની રકમ આગોતરા મેઇન્ટેનન્સ ચાર્જીસની રકમ તથા તેના વ્યાજની રકમમાંથી ખર્ચવામાં આવશે અને તે ઉપરાંતનું ખર્ચ કરવાની ભવિષ્યમાં જરૂરીયાત ઉભી થાય તેવા સમયે સદર સર્વિસ સોસાયટી તરફથી વહીવટી ખર્ચની જે રકમ નક્કી કરવામાં આવે તે રકમો તમો લખાવી લેનારાએ અલગથી જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત રકમો

ભરવામાં તમો લખાવી લેનારા કસૂર કરો તથા તમારૂ કોઇપણ પ્રકારનું લેણું બાકી હોય તેવા સમયે સદર સર્વિસ સોસાયટી તમારી અનિવાર્ય અને આવશ્યક સહીતની તમામ સુવિધાઓ, પાણી, ગટર, વિજળી તથા અન્ય તમામ સુવિધાઓ બંધ કરવા હક્કદાર રહેશે.

(૬૭) સદર ''**ANAND SKYLYF**'' એ નામની પરિયોજનામાં મુકવામાં આવનાર લીફ્ટનો ઉપયોગ સદર સ્કીમનો વહીવટ કરવા માટે રજીસ્ટર્ડ કરવામાં આવનાર સર્વિસ સોસાયટીના નિતિનિયમો અનુસાર તમો લખાવી લેનારા તથા અન્ય માલીકોએ કરવો કરાવવાનો રહેશે તેમજ સદર લીફ્ટનો ઉપયોગ કરકસર પૂર્વક કરી તેવા ઉપયોગમાં દરેક ફલેટના માલીકો સાથે સહકાર આપવાનો રહેશે. તેમજ સદર લીફ્ટમા કોઇપણ પ્રકારની વધુ વજનદાર ચીજ વસ્તુ કે માલસામાન તમો લખાવી લેનારા કે તમારા થકી અન્ય વ્યક્તિઓએ લાવવા કે લઇ જવાનો રહેશે નહી. અમો એકતરફવાળી, પેઢી દ્વારા સદર સ્કીમમાં સારી ક્વોલીટીની લીફ્ટ નાખવામાં આવેલી છે. તેમ છતાં સદર લીફ્ટ એ મશીન છે અને તે અમો એકતરફવાળો જાતે મેન્યુફેક્ચર કરેલી નથી. તેથી લીફ્ટના વપરાશ દરમ્યાન તેનાથી જો કોઇને પણ શારીરિક નુકસાન કે અન્ય સ્વરૂપનું નુકશાન થાય તો તે અંગેની કોઇ જ જવાબદારી ઓ લખી આપનારની છે નહી અને રહેશે નહી તેમજ તે અંગે તમો લખાવી લેનારા અમો લખી આપનારા સામે કોઇ જ કોર્ટ કાર્યવાહી નહી કરો તેની ખાત્રી અને બાંહેધરી રૂપે તમો લખાવી લેનારાએ સદર વેચાણ દસ્તાવેજમાં સહીમત્તા કરી કબુલ કરેલ છે.

(૬૮) સદર ''**ANAND SKYLYF**'' એ નામની પરિયોજનામાં કુદરતી આફતો જેવા કે અતિશય વરસાદ, વાવાઝોડું, ધરતીકંપ, વિજળી પડવી વિગેરે કે અન્ય કારણોસર બીલ્ડીંગને તથા તમો લખાવી લેનારાના યુનીટને નુકશાન થાય અને અગર કોઇનું મૃત્યુ થાય કે શારીરિક માનસિક ઈજા થાય કે ખોડ ખાપણ આવે, તો તે માટે ભવિષ્યમાં અમો લખી આપનારાને તમો લખાવી લેનારાએ દિવાની, ફોજદારી કે અન્ય રીતે કોઇપણ પ્રકારે જવાબદાર ગણવાના નથી કે તે બાબતે કોઇ નુકશાન કે વળતર તમો લખાવી લેનારા કે તમારા વારસદારોએ માંગવાનુ નથી તેવુ તમો લખાવી લેનારા આથી સદર વેચાણ દસ્તાવેજમાં સહીમતા કરી કબુલ કરી અમો લખી આપનારાને ખાત્રી અને બાંહેધરી આપો છો.

(૬૯) અમો લખી આપનાર પ્રમોટરે સદર વેચાણ દસ્તાવેજની રૂઇએ સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટનો કબજો તમો લખાવી લેનાર, એલોટીને સોપેલ હોઇ આજથી ૦૫ (પાંચ) વર્ષના સમય દરમ્યાન તમો લખાવી લેનાર, એલોટીને સદર ફલેટ યાને એપાર્ટમેન્ટ જે બિલ્ડીંગમાં આવેલ છે તે બિલ્ડીંગના માળખાગત યાને સ્ટ્રક્ચર ડીફેક્ટ કે કારીગરી ગુણવત્તા, સેવાની જોગવાઇના

સંદર્ભમાં કોઇ ખામી અમો લખી આપનાર, પ્રમોટરના ધ્યાનમાં તમો લખાવી લેનાર, એલોટી લાવો ત્યારે અમો લખી આપનાર, પ્રમોટરે શક્ય હોય તો તેવી ખામી અમારા ખર્ચે ૩૦ દિવસ સુધીમાં દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શક્ય ન હોય તો તમો એલોટી અમો લખી આપનાર, પ્રમોટર પાસેથી સદર ખામી માટેનું વળતર સદર કાયદા હેઠળ મેળવવા હક્કદાર રહેશો. પરંતુ તેવી ખામી માટે અમો લખી આપનાર, પ્રમોટરની કોઇ જ જવાબદારી ન હોય કે અમો લખી આપનાર, પ્રમોટરને તેના માટે જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય કે અમો પ્રમોટરના નિયંત્રણ બહાર હોય કે તેવી કોઇ માળખાગત ખામી અગર કારીગરી ગુણવત્તા અથવા સેવાની જોગવાઇના સંદર્ભમાં રહેલી ખામી માટે અમો પ્રમોટર તમો એલોટીને વળતર ચુકવી આપવાને પાત્ર રહીશુ નહી અથવા તમો લખાવી લેનાર, એલોટી મેળવવા હક્કદાર રહેશો નહી.

સદરહું ''ANAND SKYLYF'' એ નામની યોજનાની બિલ્ડીંગ યુઝ પરમીશન (બી.યુ.પરમીશન) આવી ગયા બાદ ભવિષ્યમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના નિયમ મુજબ જો વધારાની એફ.એસ.આઇ. મળે તો તેવી વધારાની એફ.એસ.આઇ. તેમજ વધતી એફ.એસ.આઇ. કે ટેરેસમાં અમો વેચાણ આપનાર - એકતરફવાળાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો રહેશે નહી કે ગણાશે નહિ અને તેવા એફ.એસ.આઇ. ના હક્કો તથા ટેરેસના હક્કો સર્વિસ સોસાયટીના થયેલા ગણાશે.

(૭૦) વધુમાં તમો લખાવી લેનાર, એલોટી તથા અન્ય તમામ એલોટીઝ સાથે મળીને અમો લખી આપનાર, પ્રમોટર સાથે નીચે મુજબની કબુલાત કરી ખાત્રી અને બાંહેધરી આપો છો કે...

(એ) તમો એલોટીને ફ્લેટ યાને એપાર્ટમેન્ટ કબજો આજરોજ સોપેલ હોઇ આજથી સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટની જાળવણી તમારા પોતાના ખર્ચે કરવાની રહેશે અને સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવ્યુ છે તે સમગ્ર બિલ્ડીંગમાં કે બિલ્ડીંગને એવુ કશું જ કરશે કે કરાવશે નહી જે નિયમો વિનિયમો અથવા પેટા-નિયમોની વિરૂધ્ધ હોય અથવા ફ્લેટ યાને એપાર્ટમેન્ટ કે એના કોઇપણ ભાગમાં કે ભાગને સ્થાનિક સત્તામંડળોની સંમતિ વિના કોઇ ફેરફાર કે સુધારા-વધારા કરશો કરાવશો નહી.

(બી) વધુમાં તમો એલોટી ફ્લેટ યાને એપાર્ટમેન્ટમાં એવો કોઇ સામાન રાખશે નહીં જે જોખમી, જ્વલનશીલ અથવા ખતરનાક પ્રકારનો હોય અથવા એટલો ભારે હોય કે જેનાથી ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમા આવેલુ છે તે ફ્લેટ યાને એપાર્ટમેન્ટના બાંધકામ અથવા માળખાં ને કોઇ નુકશાન પહોંચે અથવા એવો કોઇ સામાન રાખશે નહીં જે રાખવા સામે સંબંધિત સ્થાનિક અથવા અન્ય સત્તામંડળને વાંધો હોય અને જેને લાવવા લઇ જવામાં દાદર, મઝિયારા પેસેજીસ અથવા ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવેલું છે. તેના માળખા કે બિલ્ડીંગના

દરવાાજા સહિતને નુકસાન થવાની સંભાવના હોય અને ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવેલુ છે એ ફ્લેટ યાને એપાર્ટમેન્ટ એલોટીના આવા કોઇ કસુર અથવા નિષ્કાળજીને કારણે નુકસાન થશે તો એલોટી આવા ભંગના પરિણામ ભોગવવાને પાત્ર બનશે.

(સી) તમો એલોટી ઉક્ત ફ્લેટ યાને એપાર્ટમેન્ટની તમામ આંતરિક મરામત પોતાના ખર્ચે કરાવશે અને ફ્લેટ યાને એપાર્ટમેન્ટને અમો પ્રમોટરે જે સ્થિતિમાં આપ્યુ હતુ તે જ સ્થિતિમાં જાળવશે અને આ પરિયોજનામાં જે ફ્લેટ યાને એપાર્ટમેન્ટ આવેલુ છે તે ફ્લેટ યાને એપાર્ટમેન્ટમાં એવુ કશું જ કરશે કરાવે નહી જે સંબંધિત સ્થાનિક સત્તામંડળ અથવા અન્ય સ્થાનિક સત્તામંડળના નિયમો, પેટા નિયમો અને વિનિયમોની વિરૂધ્ધ હોય એલોટી ઉપર જણાવેલી જોગવાઇનો ભંગ થાય તેવું કોઇપણ કૃત્ય કરશે તો તે તેના પરિણામો ભોગવવા માટે જવાબદાર બનશે.

(ડી) તમો એલોટી ફ્લેટ યાને એપાર્ટમેન્ટ અથવા તેના કોઇ ભાગને તોડશે કે તોડાવશે નહી. તેમજ કોઇપણ સમયે ફ્લેટ યાને એપાર્ટમેન્ટ અથવા તેના કોઇપણ ભાગમાં કોઇપણ પ્રકારના સુધારા કે વધારા કરાવશે નહી કે સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમા આવેલુ છે તે પરિયોજનાના કે બિલ્ડીંગના એલિવેશન અને બહારની કલર સ્કીમમાં કોઇ ફેરફાર કરશે કે કરાવશે નહી અને તે એપાર્ટમેન્ટ અને તેની સાથે જોડાયેલા ભાગો, ગટર, ડ્રેનેજ અને પાઇપોને સારી સ્થિતિમાં રાખશે જેથી ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવેલુ છે તેને આશ્રય અને રક્ષણ મળી રહે અને તે અમો પ્રમોટર કે સદર સર્વિસ સોસાયટીના હોદ્દેદારોની લેખિત પુર્વ મંજુરી વિના એપાર્ટમેન્ટમા આવેલા કોલમો, બીમ્સ, દીવાલો, સ્લેબસ્ અથવા આર.સી.સી.પરદી અથવા અન્ય માળખા પર કશું જ કોતરશે નહી કે તોડફોડ કરે નહી તેમને અન્ય કોઇપણ પ્રકારે નુકસાન પહોંચાડશે નહી.

(ઇ) વધુમાં જો તમો એલોટી એવી કોઇ જ કાર્યવાહી કે કૃત્ય કરશો કરાવશો નહી કે જેના કારણે સદર એપાર્ટમેન્ટ જેમા આવેલુ છે તે બીલ્ડીંગ પ્રોજેક્ટની પરિયોજના અથવા ફ્લેટ યાને એપાર્ટમેન્ટના કોઇ ભાગને લગતા કોઇપણ વિમાને રદ્દ અથવા રદ્દ થવાને પાત્ર ઠરાવે અથવા જેનાથી તે વિમાના સંદર્ભમાં વધારે પ્રીમિયમ ચૂકવવાપાત્ર બને.

(એફ) તમો એલોટી કે તમારા થકી ઉક્ત ફ્લેટ યાને એપાર્ટમેન્ટ માંથી કમ્પાઉન્ડમાં જવા પરિયોજનાની જમીનના કોઇપણ ભાગ ઉપર અને ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવેલુ છે તે ફ્લેટ યાને એપાર્ટમેન્ટ કોઇ કચરો, ગંદકી, ચીંથરા અથવા એવી નકામી વસ્તુ ફેંકવા દેશે નહી.

(જી) તમો એલોટી અમો પ્રમોટર દ્વારા માંગણી કરવામાં આવ્યેથી પંદર દિવસની અંદર, ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જેમાં આવેલુ હોય તે બિલ્ડીંગ આપવામાં આવેલા વીજળી - પાણીના તેમજ અન્ય સેવાઓના જોડાણો માટે સંબંધિત સ્થાનિક સત્તા મંડળ અથવા સરકાર દ્વારા માંગવામાં આવેલ સિક્યોરીટી ડિપોઝીટ (જામીનગીરી થાપણ) નો પોતાનો હિસ્સો ચૂકવશે.

(એચ) તમો એલોટીને જે ફ્લેટ યાને એપાર્ટમેન્ટ જે હેતુ માટે ફાળવવામાં આવ્યુ છે તે હેતુઓમાં તમો એલોટી દ્વારા ફેરફાર થવાને કારણે, સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને / અથવા સરકાર અને / અથવા અન્ય જાહેર સત્તા મંડળ દ્વારા લાદવામાં આવેલા સ્થાનિક કરવેરા, પાણી, ખર્ચ, વીમા અને એવા અન્ય લેણામાં થયેલો વધારો ભોગવશે અને તેની ચુકવણી કરશે.

(આઇ) તમો એલોટી અમો પ્રમોટર કે અમારા સર્વેયરો, એજન્ટોને કારીગરો તથા અન્ય સાથે અથવા તેમના વિના કોઈપણ યોગ્ય સમયે ઉક્ત બીલ્ડીંગ અથવા તેના કોઈપણ ભાગમાં તે બીલ્ડીંગની સ્થિતિને જોવા તપાસવા માટે પ્રવેશવા દેવામાં આવશે.

(જે) તમો એલોટીને ''**ANAND SKYLYF**'' માં બાંધવામાં આવેલ ફ્લેટો પૈકી અમુક બ્લોકના ટોપ ફ્લોરના ફ્લેટની ઉપરની તરફના સમગ્ર ધાબા પૈકી કોર્ડન કરેલ ધાબાનો ભાગ જે તે ટોપ ફ્લોરના ફ્લેટના માલિક / કબજેદારને સ્વતંત્ર રીતે ખુલ્લું વપરાશ કરવાના હેતુસર કાયમી હક્કથી આપવામાં આવેલ છે. જ્યારે કોર્ડન કર્યા સિવાયનું તમામ ધાબું જે તે બ્લોકના તમામ ફ્લેટ હોલ્ડરોનું સહિયારૂં રહેશે. તે જ રીતે સદર યોજનાના ફર્સ્ટ ફ્લોરેના અમુક ફ્લેટ હોલ્ડરોને દુકાનની ઉપરનું ધાબુ પોતાના ફ્લેટને આનુસંગિક રીતે કાયમી હક્કે ખુલ્લુ વાપરવાના હેતુસર ફાળવી આપવામાં આવેલ છે. તે તમામ બાબતો તમો એલોટીએ કબુલ, મંજુર રાખેલ છે અને આ અંગે ભવિષ્યમાં અમો પ્રમોટર સામે કે અન્ય કોઇ ફ્લેટ રહીશ સામે વાધો કે તકરાર કરવા - કરાવવા તમો એલોટી હક્કદાર નથી.

(૭૧) સદર વેચાણ દસ્તાવેજવાળી મીલકત તમો લખાવી લેનારાને માલીકી હક્કે વેચાણ આપેલી છે. જેથી સદરહું મીલકતનો કબજો મેળવ્યા બાદ તમો લખાવી લેનારા તમારૂ દીલ ચાહે તેમ ઉપયોગ ઉપભોગ કરવા કરાવવા હક્કદાર રહેશો. તેમ છતાં પણ ભવિષ્યમાં સદરહુ મીલકત તમો લખાવી લેનારાને વેચાણ કે ટ્રાન્સફર કે એસાઈન કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે તે સમયે સદરહું સર્વિસ સોસાયટીનું તમામ બાકી લેણું ચુકવી સોસાયટીએ નિર્ધારીત કરેલ ટ્રાન્સફર ફીની રકમ જમા કરાવી સોસાયટીની પુર્વ મંજુરી મેળવી વખતો વખતના ધારા ધોરણો, નીતી નિયમો, ઠરાવો, નિર્ણયો, કાયદાઓ, પેટા કાયદાઓ વિગેરે તમામનું

પાલન કરવાની શરતે સદરહું સોસાયટીના સભાસદ તરીકે દાખલ થવાની લાયકાત ધરાવતી વ્યક્તિને જ સદરહું મીલકત વેચાણ કરવા તમો લખાવી લેનારા હક્કદાર રહેશો.

(૭૨) સદરહું સમગ્ર ‘‘**ANAND SKYLYF**’’ એ નામની યોજનાના બાંધકામ અંગે કોઈપણ પ્રકારની કુદરતી આફત જેવી કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ કે અન્ય કોઇ માનવસર્જીત આફતો, યુધ્ધ, હુલ્લડ, આંતરવિગ્રહને કારણે જાનમાલની હાની સર્જાય, બિલ્ડીંગને નુકશાન થાય તો તે અંગેની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારાની તથા અન્ય ફ્લેટો યાને એપાર્ટમેન્ટોવાળી મીલકતના માલીકોની સંયુક્ત છે અને રહેશે અને તે બાબતે અમો લખી આપનારાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૭૩) સદરહું યોજનાનું નામ હમેશા માટે ‘‘**ANAND SKYLYF**’’ રહેશે અને તે પરિયોજનાના માલીકો ભવિષ્યમાં ક્યારેપણ કોઈપણ સંજોગોમાં બદલી શકશે નહી.

(૭૪) સદર યોજનામાં આવેલ દુકાનો તથા ફ્લેટો પૈકી દુકાનોની આગળ આવેલ માર્જીનની ખુલ્લી જગ્યામાં ફક્ત દુકાનોના માલીકો તથા તેમના ગ્રાહકોને વાહનો પાર્ક કરવાનો હક્ક અને અધિકાર રહશે તથા સદર સ્કીમના ફ્લેટ યાને એપાર્ટમેન્ટના માલીકોના વાહન પાર્ક કરવાનો હક્ક ગ્રાઉન્ડ ફ્લોર , બેઝમેન્ટ, જનરલ પાર્કિંગ તથા એલોટેડ પાર્કિંગમાં જ પાર્ક કરવાનો હક્ક અને અધિકાર રહેશે.

(૭૫) પરંતુ સદર સ્કીમમાં આવેલ માર્જીનની ખુલ્લી જગ્યામાં તથા ફ્લેટોની નીચે હોલોપ્લીન્થમાં આવેલ કોમન પાર્કીંગની જગ્યામાં વાહનો પાર્ક કરવા માટેનો હર હંમેશ માટે ફ્લેટ યાને એપાર્ટમેન્ટની મીલકતના માલીકોએ સહિયારા ઉપયોગ કરવાનો રહેશે. તેમજ તેવી પાર્કીંગની જગ્યામાં તમો લખાવી લેનારાએ અન્ય ફ્લેટ યાને એપાર્ટમેન્ટના માલીકોને કોઈપણ પ્રકારની અડચણ કે અટકાયત ન થાય તે રીતે એલોટ કરવામાં આવેલ એલોટેડ જગ્યાએજ વાહનો પાર્ક કરવાના રહેશે. તેમજ વાહન પાર્કિંગ અન્વયે અલગથી પાર્કિંગ એલોટમેન્ટ તથા પઝેશન ડેક્લેરેશનનો કરાર અમો લખી આપનારે કરી આપેલ છે જેનું પાલન કરવા બંધાયેલા છીએ. વધુમાં હળવા, ઘરેલું, મોટર વ્હીકલ્સને અનુલક્ષીને તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની કચેરીના હાલના પ્રવર્તમાન નીયમો અનુસાર મંજુર કરવામાં આવેલ પ્લાન અનુસાર પાર્કિંગની જોગવાઇ કરેલ છે તે અંગે તમો લખાવી લેનારા તથા યોજનાના અન્ય તમામ મીલકતના માલીકોએ ભવિષ્યમાં ક્યારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવા લેવડાવવા હક્કદાર નથી.

(૭૬) સદર મીલકત અંગેના અમો એકતરફવાળા, પેઢીના નામના રાઇટ્સ ટાઇટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ તેમજ બોજા રહીત છે. તે અંગેની ખાતરી આથી અમારી પેઢી દ્વારા ખાતરી આપેલ છે. ત્યારબાદ સદરહું સર્વે નંબરવાળી જમીન અન્વયે થયેલ એન.એ. હુકમો બાદ આનંદ સ્કાયલાઈફ એ નામની ભાગીદારી પેઢી દ્વારા સદર બિનખેતીની જમીન અંગેનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ રમેશ એન. રાવત (એડ્વોકેટ અને નોટરી) પાસેથી તા. .... ના રોજ મેળવેલ હતુ. જે તમો લખાવી લેનારાએ પોતે જાતે તથા તમારા પોતાના જાણકાર અનુભવી તથા નિષ્ણાંત વ્યક્તિ કે સંસ્થા મારફત જોઇ તપાસી તમામ બાબતે ખાત્રી કરી લીધેલ છે અને તેનાથી તમો લખાવી લેનારા સંપુર્ણ રીતે સંતુષ્ટ હોઇ તમો લખાવી લેનારાએ સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ વેચાણ રાખેલ છે. જેથી સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટના રાઇટ્સ ટાઇટલ્સ અંગે ભવિષ્યમાં તમો લખાવી લેનારા ક્યારેય પણ કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવા હક્કદાર નથી.

(૭૭) સદર સમગ્ર સ્કીમ અંગે બિલ્ડીંગ યુઝ પરવાનગી યાને બી.યુ. પરવાનગી મળ્યા બાદ તમો લખાવી લેનારાએ સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ / દુકાનમાં રહેણાંક/ વાણિજ્યના હેતુ માટેનો ઉપયોગ કરવાનો રહેશે. જે આથી તમો લખાવી લેનારા કબુલ કરો છો.

(૭૮) સદર ''**ANAND SKYLYF**'' એ નામની પરિયોજનાનો વહીવટ ચલાવવા અંગે જે કાંઇ વહીવટી અનામતની રકમ નક્કી કરવામાં આવે કે અન્ય ખર્ચની રકમો નક્કી કરવામાં આવે તેવી તમામ રકમો તમો લખાવી લેનારાએ અમો લખી આપનારાને અલગથી ચુકવવાની રહેશે અને તેવી રકમ આ વેચાણ દસ્તાવેજમાં નક્કી કરવામાં આવે યુનીટની કુલ રકમ સિવાય અલગથી ગણવાની છે અને રહેશે.

(૭૯) સદરહુ યુનિટ અમો લખી આપનારે વેચાણ રાખેલ હોઈ સદરહુ યુનિટનું બી.યું. પરમીશન હાલમાં મળેલ ન હોઈ જેની અમો લખી આપનારને જાણ છે. પરંતુ અમો લખી આપનારને અમારી માલિકીની યુનીટમાં ફર્નિચર, કલરકામ, ઈન્ટીરીયર વર્ક વિગેરે જેવી સુવિધાઓ વાપર ઉપયોગ કરવા બી.યુ. પહેલા અમારી અંગત જરૂરિયાત અને ફ્યુચર પ્લાનીંગના હેતુ સારૂ અમો લખી આપનારે રજૂઆત કરતા પેઢી દ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવેલ છે. સદરહુ યુનિટનો વપરાશ ફક્ત ફર્નિચરના હેતુ સારૂ કે અન્ય કામગીરી કરાવવા સારૂ ઉપયોગ કરીશું. જ્યારે બી.યુ. પરમીશન આપવામાં આવે ત્યારબાદ જ સદરહુ યુનીટનો રહેણાંકના હેતુસારૂ ઉપયોગ કરીશું. જેની પાકી ખાત્રી અને બાંહેધરી લખી આપીએ છીએ.

-: પરિશિષ્ટ :-

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર તથા તાલુકે ગાંધીનગર ના મોજે ગામ ઝુંડાલની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર - ૩૯૨/૧ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ આશરે હે.આરે. ૨-૦૨-૩૪ ચો.મી. યાને કે ૨૦૨૩૪ ચો.મી. જેનો ખાતા નં. ૧૦૬૭ તથા તેનો આકાર ૧૧.૭૫ પૈસા વાળી જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતાં તેનો ટી.પી. સ્કીમ નં. ૬૯ (ચાંદખેડા - ત્રાગડ - ઝુંડાલ) ના ફાળવવામાં આવેલ બે જુદા-જુદા ફાઈનલ પ્લોટ પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૭૧/૨ ની આશરે ૬૫૩૬ ચો.મી. યાને ૭૮૧૭ ચો.વાર વાળી બિનખેતીની જમીન **આનંદ સ્કાય લાઈફ** એ નામની ભાગીદારી પેઢી દ્વારા વાણિજ્ય તથા રહેણાંક હેતુ સારૂ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા મંજુર કરાવેલ પ્લાન મુજબ બાંધવામાં આવેલ / આવનાર સ્કીમ કે જે સ્કીમ **''ANAND SKYLYF''** એ નામથી ઓળખાય છે. તે ફલેટો તથા દુકાનોની પરિયોજનામાં આવેલ જુદા જુદા બ્લોકો પૈકી બ્લોક નં. .... ના .... ફલોર ઉપર બાંધવામાં આવનાર / આવેલ ફલેટ યાને એપાર્ટમેન્ટ/ દુકાન નં. .... ની આશરે - .... સ.ચો.મીટર (વોશ, પેરીફેરી દિવાલ સિવાયનો) વોશ એરીયાના .... સ.ચો.મીટર કારપેટ એરીયાના બાંધકામ સહિતની (........... સ.ચો.મીટર બિલ્ટઅપ એરીયા) તથા સદર ફ્લેટ યાને એપાર્ટમેન્ટ/દુકાનના વરાડે પડતી વગર વહેંચાયેલ જેની કકડાવાર વહેંચણી ક્યારેય અલગથી થઈ ન શકે તેવી મળવાપાત્ર .... સ.ચો.મીટર જમીન સહિતની મીલ્કત.

વેચાણ આપેલ મીલકતનાં ખુંટચારની વિગત :-

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતેના ખુંટચાર વચલી મીલકત.

એ રીતેનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે તથા તમો વેચાણ લેનારે પોતે પોતાની રાજીખુશીથી તથા અક્કલ હોંશિયારીથી વાંચી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ-દબાણ સિવાય કરેલ છે. જે અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીને તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના ભાગીદારોને તેમજ વેચાણ લેનારને તથા વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, સક્સેશરો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ   માહે   સને ૨૦૨૦ ના દિને શહેર અમદાવાદ મુકામે

(વેચાણ આપનાર - લખી આપનાર - એકતરફવાળા / પ્રમોટર)
આનંદ સ્કાયલાઈફ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી
તેના વહિવટકર્તા ભાગીદારો

..
(૧) વસંતકુમાર ઉમેદભાઈ પટેલ

..
(૨) નિતુલ ગૌતમભાઈ પટેલ

(સાક્ષીઓ)

(૧) ....

(૨) ....

-: મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

મીલકતનું સરનામું : "**ANAND SKYLYF**", મુ. ઝુંડાલ, તા.જી. ગાંધીનગર.

વેચાણ આપનાર / લખી આપનાર

એકતરફવાળા / પ્રમોટર

....

....

વેચાણ લેનાર / લખાવી લેનાર

બીજીતરફવાળા / એલોટી

....

....

-: મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

મીલકતનું સરનામું : "**ANAND SKYLYF**", મુ. ઝુંડાલ, તા.જી. ગાંધીનગર

વેચાણ આપનાર / લખી આપનાર
એકતરફવાળા / પ્રમોટર

વેચાણ લેનાર / લખાવી લેનાર
બીજીતરફવાળા / એલોટી

રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ-૩૨ (અ) હેઠળનું પરિશિષ્ટ

એકતરફવાળા :	ફોટો	ડાબા હાથના
વેચાણ આપનાર :-		અંગુઠાનું નિશાન

પ્રમોટર :-

આનંદ સ્કાયલાઈફએ નામની ભાગીદારી પેઢી

વતી અને તરફથી તેના ભાગીદારો

....

(૧) વસંતકુમાર ઉમેદભાઈ પટેલ

....

(૨) નિતુલ ગૌતમભાઈ પટેલ

બીજીતરફવાળા :	ફોટો	ડાબા હાથના
વેચાણ લેનાર :-		અંગુઠાનું નિશાન

એલોટી :-

....

-: : વેચાણ દસ્તાવેજ : :-

“આનંદ સ્કાયલાઈફ”
(ફ્લેટ નંબર : ...., ... ફ્લોર)

બાનાખત નંબર : ....

તારીખ : ....

: સાઈટ ઓફીસ :

“આનંદ સ્કાયલાઈફ”, સત્યમેવ હોસ્પીટલની પાછળ, સમન્વય એપાર્ટમેન્ટની સામે, ટી.પી. ૬૯, ન્યુ ચાંદખેડા, આઈ.ઓ.સી. રોડ, ઝુંડાલ(ચાંદખેડા), અમદાવાદ - ૩૮૨૪૨૪.